# ૨૧મી સદીનું શિક્ષણ કેવું હશે ?

ગત શનિવારના રોજ અમદાવાદ શહેરના ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોનું અધિવેશન યોજાઈ ગયું. જેમાં તેમણે ૨૧મી સદીના શિક્ષણ વિશે વિચારણા કરીને વધુ માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. જે શિક્ષણ માટે સારી બાબત છે. કારણ કે શિક્ષકસંઘ શિક્ષકની સમસ્યાઓ જ નહીં પણ શિક્ષણની પણ ચિંતા કરે એ તેવો એક સારો મેસેજ સમાજ સુધી પહોંચે છે. શિક્ષકો પોતે ૨૧મી સદીના શિક્ષક બનવા માંગે છે તે પણ સાબિત થાય છે. ૨૧મી સદીના શિક્ષણ વિશે તેમની સામે આપેલા પ્રવચનના કેટલાક અંશ અહીં રજૂ કરું છું.

માણસની સરેરાશ ઉંમર ૭૦ વર્ષ ગણીએ તો બાલમંદિરમાં જતું આજનું બાળક ઇ.સ.૨૦૮૦માં જીવનમાંથી રિટાયર્ડ થશે. અને નોકરીમાંથી ૨૦૬૭માં રિટાયર્ડ થશે. આજે આપણે કહીએ છીએ કે દુનિયા દરરોજ બદલાતી જાય છે, પાંચ વર્ષ પછી કેવા પરિવર્તન હશે તે વિચારવું અઘરું છે તો મિત્રો વિચારો કે ૬૦-૭૦ વર્ષ પછી કેટલા અને કેવા પરિવર્તન આવ્યા હશે ?

૨૧મી સદીનું વિશ્વ ટેકનોલોજીકલ વિશ્વ હશે. હેનરી જે કાઇસેર ફેમિલી ફાઉન્ડેશ દ્વારા થયેલા સર્વે મુજબ ૮ થી ૧૮ વર્ષની વ્યક્તિ દરરોજના સરેરાસ ૬ કલાક ઇલેક્ટ્રોનિક મિડિયાનો ઉપયોગ કરે છે. જેમ કે મ્પ્યૂટર, ટી.વી., સેલફોન, વિડિયોગેમ. તેઓ મલ્ટીટાસ્કીંગ (એક સાથે એક કરતાં વધુ કામ કરવા)છે. ઇન્ટરનેટ પર કામ કરતાં કરતાં મ્યુઝીક સાંભળશે કે ટી.વી. જોતાં જોતાં મિત્રને એસ.એમ.એસ. પણ કરે છે. આજનો વિદ્યાર્થી જાણે છે કે ઇલેક્ટ્રોનિક સાધનો કેવી રીતે વાપરવા અને શું ઉપયોગ કરવો. આજનો વિદ્યાર્થી ડિજીટલ લર્નર બનતો જાય છે, ભવિષ્યમાં થોડા વર્ષો બાદનું બાળક આઇચાઇલ્ડ તરીકે ઓળખાશે.

૨૧મી સદીના મુખ્ય મુદ્દાઓમાં ગ્લોબલ વોર્મિંગ, દુષ્કાળ, ગરીબી, વસ્તી વિસ્ફોટ, આરોગ્યના મુદ્દાો,પર્યાવરણીય અને સામાજિક સમસ્યાઓ વગેરે આજે છે અને હશે. જે મુદ્દાઓને આધારે વિચર્થીના વિચારોમાં, વાતચીતમાં અને કામગીરીમાં વ્યક્તિગત, સામાજિક, આર્થિક અને રાજકીય રીતે સ્તાનિક, રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય રીતે વિદ્યાર્થીઓમાં બદલાવ લાવવો પડશે. તેમાં વિકસતી જતી ટેકનોલોજી અને વૈશ્વિકરણનો સાથ મળશે. શક્યતાઓ અમર્યાદિત છે તથા વિદ્યાર્થી અને શિક્ષકો દઢપણે માનતા હશે કે આ દુનિયામાં કશું જ અશક્ય નથી. ટોની વેગનરે પોતાના પુસ્તકમાં ૨૧મી સદીના સાત કૌશલ્યો જણાવ્યા છે, જે રસપ્રદ લાગશે. જેમકે, જટીલ વિચારો અને સમસ્યા ઉકેલ, નેટવર્ક સહકાર અને પ્રભાવ દ્વારા નેતૃત્ત્વ, ચપલતા અને અનુકૂલનક્ષમતા, પહેલ અને ઉદ્યમીસાહસવાદ, અસરકારક મૌખિક અને લેખિત કમ્યુનિકેશન, માહિતી મેળવવી અને વિશ્લેષણ કરવું, જિજ્ઞાસા અને કલ્પના.

૨૧મી સદીને જ્ઞાનની પેઢી બનાવવાની છે, માહિતીનો ખજાનો નહીં. આ સમયે શાળાને પૂછપરછની બારી બનાવવાની છે. ૨૧મી સદીમાં સરકારી શાળા કોલેજોનું આકર્ષણ હશે. જ્યાં પ્રવેશ મેળવવા પડાપડી થતી હશે. કારણે કે સરકારી શાલા કોલેજોને ગુણવત્તાયુક્ત અને સગવડતાથી ભરપૂર બનાવવામાં આવશે. દરેક કોલેજોમાં અને મોટી શાળાઓમાં ઇલાયબ્રેરી હશે, કેમ્પસમાં બેસીને ઇન્ટરનેટ દ્વારા વિદ્યાર્થી માહિતી મેળવતો હશે. જેથી વર્ગખમડની ચાર દીવાલ બહાર પણ વિદ્યાર્થી ભણતો હશે,

શીખતો હશે. આજે જોવા મળતા આંતરરાજ્ય પ્રવાસોના બદલે આંતરરાષ્ટ્રીય પ્રવાસો થતાં હશે. દરેક વર્ગખંડમાં વેબકેમેરા હશે. જેથી ગેરહાજર વિદ્યાર્થી કે તેના વાલી ઘેર ડ્રોઈંગરૂમમાં બેસીને પણ શિક્ષકનું લેક્ચર સાંભળી શકશે. વિદ્યાર્થી પોતાના પ્રોજેક્ટ માટે શિક્ષક પર અવલંબિત નહીં હોય, પણ ઈન્ટરનેટ અને વૈશ્વિકસમુદાય સાથે વધુ જોડાયેલો હશે. અત્યારે વિદ્યાર્થી એકલો જ કામ કરે છે, તેના બદલે તે જૂથમાં અને દુનિયાના અન્ય લોકો સાથે મળીને કામ કરતો હશે. તેના માટેનો વર્ગખંડ માત્ર ચાર દીવાલો જ નહીં હોય, ૨૧મી સદીનો વર્ગખંડ એટલે દુનિયાનો કોઈપણ ખૂણો હશે.

૨૧મી સદીમાં દુનિયાએ બારતીય મૂલ્યોને સ્વીકારવા પડશે જ. બીજી રીતે કહીએ તો ભારતીય મૂલ્યો એ વૈશ્વિક મૂલ્યો બની જશે. જેનો સમાવેશ અભ્યાસક્રમમાં કરવામાં આવશે. સાથે ભારતીય અત્યારના મૂલ્યો સચવાયેલા જ હશે, પણ બીજા મૂલ્યોનો ઉમેરો થયો હશે. જેને અત્યારે આપણે મૂલ્યો તરીકે નહીં પણ ક્યારેક નિયમો તરીકે સ્વીકારીએ છીએ. જેમ કે, ગંદકી, ટ્રાફિક સેન્સ, પ્રદૂષણ, પર્યાવરણ, આરોગ્યની જાળવણી, જાહેર જગ્યા પરનું વર્તન વગેરે. અભ્યાસક્રમ પ્રોજેક્ટ આધારિત હશે. પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ વિભાજિત નહીં હોય. ઉપરાંત વિદ્યાર્થીના જીવન સાથે સીધી રીતે સંકળાયેલ હોય તેવું  વિષયવસ્તુ વિશેષ હશે. અભ્યાસક્રમમાં જીવન કૌશયેનો પણ સમાવેશ કરવામાં આવ્યો હશે. પાઠ્યપુસ્તકો ઉપરાંત સંદર્ભ સાહિત્ય પ્રિન્ટેડ ઓછું હશે અને ડિજીટલ વધારે પ્રમાણમાં હશે. વિદ્યાર્થી વર્ગખંડમાં નાનું સરખૂં શૈક્ષણિક કમ્પ્યૂટર લઈને જ જતો હશે. બજારમાં અત્યારે જેમ દરેક ધોરણ કે વર્ષના પાઠ્યપુસ્તકો મળે છે, તેના બદલે મોબાઈલ ફોનના સીમકાર્ડ જેટલી ચીપ મળતી હશે. વિદ્યાથ્રનું ોરણ બદલાય એટલે તે બજારમાંથી ઉપલા ધોરણની ચીપ ખરીદી લેશે. ઉપરાંત સંદર્ભ સાહિત્ય કે અન્ય ચિત્રો, વિડિયોની પણ ચીપ મળતી હશે. જે તેને વધારાની માહિતી પૂરી પાડશે.

૨૧મી સદીના વિદ્યાર્થીને નવા પરિપ્રેક્ષમાં જોવો પડશે. તેને વાસ્તવિક દુનિયામાં જીવવા માટે તૈયાર કરવો પડશે. તે આજીવન શીખતો થાય અને શાળા સમય સિવાય બહારના સ્રોતમાંથી પણ શીખતો થાય તેવો જિજ્ઞાસુ બનાવવો પડશે અને શિક્ષકે શીખવવાની પદ્ધતિમાં સાનુકૂળ થવું પડશે. ૨૧મી સદીનું શિક્ષણ શિક્ષકકેન્દ્રી સહેજ પણ નહીં હોય વિદ્યાથ્રકેન્દ્રી જ હશે. વિદ્યાર્થીમાં  સ્વયંશિસ્ત જોવા મળશે. તે પોતાના કામમાં એટલો તો રોકાયેલો હશે અને રસ ધરાવતો હશે જેથી અશિસ્તના પ્રશ્નો જ ઊભા નહીં થાય. વિદ્યાર્થી પાસે વિશેષ અપેક્ષા રાખવામાં આવશે. શિક્ષકે વિદ્યાર્થીના રસ્તામાંથી હટી જવું પડશે. વિદ્યાર્થી શિક્ષક પાસે માત્ર માર્ગદર્શન લેવા જ આવવાનું પસંદ કરશે. અત્યારે મૂલ્યાંકન જે લેખન પર જ આધારિત છે તેના બદલે મૂલ્યાંકન પરફોર્મન્સ, પ્રોજેક્ટ અને વિવિધ સાધનો-પ્રયુક્તિ આધારિત હશે. અત્યારે શિક્ષક જ ન્યાયાધીશ અને મૂલ્યાંકનકાર છે, તેના બદલે સ્વમૂલ્યાંકન, સહઅધ્યાયી અને જાહેર મૂલ્યાંકન હશે. સાક્ષરતાનો અર્થ બદલાઈ ગયો હશે. સાક્ષરતાના વિવિધ પ્રકાર હશે, પણ સાક્ષરતાનો હેતુ વ્યક્તિને વૈશ્વિક પરિસ્થિતિમાં રહેતાં અને કામ કરવામાં ગોઠવવાનો હશે.

**dr.ashokpatel@in.com**